શ્રી.

બાહાદુર કલાજી

નાટકનાં ગાયનો.

શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કંપની માટે

રચનાર

ઉમિયાશંકર રામચંદ્ર રાવળ.

બાહાદુર ફલાજી નાટકનાં

ગાયનો.

શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કંપની માટે

રચનાર.

રાવલ. ઉમીયાશંકર રામચંદ્ર.

છપાવી પ્રસિદ્ધ કરનાર:

રાવલ. શીવશંકર રામચંદ્ર.

શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કં.ના માલીક.

આવૃતિ બીજી.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીંમત ૨ આના.

પ્રસ્તાવના.

પ્ર ૧—જેસલમેરમાં ભટિયાણી પોતાની સખીની સાથે હાલના રજપુતો નિરબળ થૈગયા છે એવી વાતચીત કરે છે તેની મા લગ્ન સંબંધી પુછે છે તો ભટિયાણી જે રાજા નવરોજે ન મોકલવાની કબુલાત આપે તેની સાથે મારાં લગ્ન કરવાં એમ જણાવેછે.

૨—જોધપુરના રાઠોડ રાજા વિજયસિંહની કચેરી જેસલમેરથી ભટિયાણીનો સંબંધ કરવા નીકળેલ કવિનું આવી ચડવું કવિને પૂછતાં હાલના રજપુતો બાદશાહને સ્વાધીન છે તેથી કોઇ નવરોજે નહી મોકલવા કબુલ થયા નહી તેથી નીરાશ થૈ ઘેર જાઉછું આમ જણાવવું, અને વિજયસિંહ હું નવરોજે નહીં મોકલું એવું કબુલ કરી કવિરાજને વિદાય કરે છે વિજયસિંહના સાહસકૃત્ય ને માટે કલાજીના વિચાર.

૩—ભટિયાણી સાહેલીયો સાથે ગરબા ગાય છે ત્યાં કવિરાજ આવી વિજયસિંહ વિશે સમાચાર આપે છે અને ભટિયાણી કલાજી જામીન થાય તો હું વિજયસિંહ સાથે પરણું આમ કહે છે તેથી કવિરાજનું ફરી બીજીવાર જોધપુર જવું.

૪—વિજયસિંહજીને ખબર મળતાં કલાજીને જામીન થવા મોકલે છે.

૫—છોકરાઓનો ગોપ કલાજીનું જેસલમેર જવું.

૬—કલાજી જેસલમેર જઇ ભટિયાણીની ખબર જામીન થઇ

ખાંડા સાથે લગ્ન ક્રીયા કરાવીને ભટિયાણીને જોધપુર લાવે છે.

૭—વિજયસિંહને આ ખુશખબર જણાવવાથી કલાજીને સમીયા ણાનો કીલ્લો બક્ષીસ કરે છે.

૮—વિજયસિંહ અને ભટિયાણીનું મળવું થાય છે.

અંક ૨ બીજો.

પ્ર૦ ૧—દિલ્હીમાં આરંગઝેબ બાદશાહની કચેરી નવરોજાનો કર છે છતાં વિજયસિંહે ભટિયાણી સાથે લગ્ન કરી નવરોજે નથી મોકલી એવું કાલુખાં બાદશાહને સમજાવે છે (કેમકે અસલના વખતમાં રજપૂતો જે નવી રાણી પરણી લાવે તેને નવ દહાડા બાદશાહને ત્યાં જવું પડતું તેથી બાદશાહ ગુસ્સે થઇ વિજયસિંહને બોલાવવા સ્વાર મોકલે છે.

૨—સ્વાર વિજયસિંહને પત્ર આપે છે તે વાંચી દીલ્લી જવાનો વિચાર.

૩—ભટિયાણીને દિલ્લી જવાની વાત સંભળાવે છે તેથી ભટિયાણી કલ્પાંત કરે છે તેને શાન્ત કરી એટલું પણ જણાવે છે કે મારા ગયા પછી કોઇ મારા નામનો કપટ પત્ર લખે તો તું માનીશ નહી પણ મારી વિંટીની છાપ મારેલ મારો કાગળ છે એમ માનજે આમ કહી રવાના થવું.

૪—દિલ્લીમાં બાદશાહની કચેરીમાં વિજયસિંહ નહી આવવા વિષેની વાતચીત વિજયસિંહનું આવવું વિજયસિંહને બાદશાહ પોતાનું અપમાન કર્યાનો ઠપકો દઈ ભટિયાણીને બોલાવવા પત્ર

લખવાનું કહે છે વિજયસિંહ આપના માનને ખાતર બોલાવીશ પણ જો કંઇ દગો થશે તો પરિણામ ખરાબ આવશે એમ બાદશાહને કહે છે બાદશાહ વિજયસિંહને મોઢે તો દગો નહીં થાય એમ કબૂલ થાય છે પણ તેના ગયા બાદ કાલુખાંને ભટિયાણીને પકડી પોતાના મહેલમાં દાખલ કરવા તથા વિજયસિંહને પકડી જેલમાં લઇ જવા હુકમ કરે છે.

૫—વિજયસિંહ પત્ર લખી ભટિયાણીને બોલાવવા સ્વાર મોકલે છે.

૬—વિજયસિંહ શીવ પુજન કરવા જતાં કાલુખાં સિપાઇની પારટી લઇ વિજયસિંહને કેદ કરી જેલમાં દાખલ કરે છે.

૭—કામાન્ધ કાલુખાં ભટિયાણી મળવાના ઉત્સાહથી સિપાઇઓને ભટિયાણીને પકડી લાવવા હુકમ દીયે છે.

૮—ભટિયાણીને સ્વપ્ન અને વિજયસિંહનો પત્ર વાંચી દીલ્હી તરફ જવાની તૈયારી.

૯—ભટિયાણી કાલુખાંના મોકલેલા સિપાઇયોથી પકડાઇ જાય છે.

૧૦—કાલુખાં ભટિયાણીની રાહ જુવે છે એટલામાં સિપાઇ આવી ભટિયાણી આવ્યાના સમાચાર સંભળાવે છે તેથી અનહદ દારૂ પી લડથડીયાં ખાતો ભટિયાણીના મહેલ તરફ જાય છે.

૧૧—દુષ્ટના ફંદમાં ફસાવાથી ભટિયાણીના આપઘાત કરવાના વિચાર તેને દાસીનું સમજાવવું અને કલાજીને બોલાવવા જવું.

૧૨—કલાજી ભટિયાણીને વિજયસિંહે પત્ર લખી બોલાવી છે એમ સાંભળી દીલગીર થવું દાસીની વાત સાંભળી ત્યાં જવાની તૈયારી કરી દાસીનાં કપડાં પહેરીને જવાના વિચાર.

૧૩—ભટિયાણીનું કલાજી આવતાં ખુશી થવું અને દાસીનાં લૂગડાં

પહેરી ત્યાંથી છટકી જાય છે. કાલુખાં નિશામાં ચકચુર બની આવે છે દાસી સંકેત પ્રમાણે આદરભાવ દઇ દારૂ પાય છે તે કામાંન્ધ નહી સમજતાં પીયે છે તેથી બે શુદ્ધાવસ્થામાં લડથડીયાં ખાય છે તેને કલાજી કટારને સંયોગ કરાવી યમદ્વારમાં પહોંચાડે છે.

અંક ૩ જો.

પ્ર૦ ૧—બાદશાહને કાલુખાં મરી ગયાના સમાચાર. કલાજી સાથે લડાઇ કરી સમીયાણાનો કિલ્લો તોડવાની પ્રતિજ્ઞા.

૨—સમીયાણાના કિલ્લામાં કલાજીના સામંતો સાથે વિચાર,

૩—મુસલમાન સિપાઇયોની લડાઇ સંબંધી બડાઇ.

૪—ભીલ લોકોનું કલાજીની મદદે જવું.

૫—બાદશાહે મોકલેલ છાવણીમાં કલાજીનું યુદ્ધ. સિપાઇયોની નાશ ભાગ અને જીત મેળવી કલાજીનું કીલ્લામાં જવું.

૬—બાદશાહની દીલગીરી અને બાદશાહના ઉમરાવ બાદશાહને જમવા બોલાવવા આવે છે પણ બાદશાહે કિલ્લો તોડી અન્ન લેવું એવી પ્રતીજ્ઞા કરી છે ને કિલ્લો હજી તુટયો નથી તેથી ના કહે છે પણ સર્વ મળી ધુળનો કિલ્લો કરી તેનું નામ સમીયાણો રાખવો પછી તે તોડીને અન્ન જમવું કેમકે તે તોડીયે એટલે સમીયાણો તોડ્યા બરાબર થયું આમ બાદશાહને જણાવે છે અને બાદશાહ પણ કબુલ થાય છે તેથી મુસલમાનોની ખુશી.

૭—જેલમાંથી વિજસિંહનું છટકી જવું.

૮—કલાજીની બહાદુરી જોઇ બાદશાહ ખુશી થાય છે (કેમકે કુળનો સમીયાણો પણ કલોજી તોડવા દેતો નથી) તેથી સલાહ કરવા દુદાજીને મોકલે છે.

૯—દુદાજી આવી કલાજીને બાદશાહનો વિચાર જણાવી નમવાનું કહે છે તે સાંભળી કલોજી ગુસ્સે થઇ દુદાજીને ધિક્કારે છે તેમજ રણક્ષેત્રમાં કાલ્યે કેશરીઆ કરી આવીશ એમ જણાવી પોતાના જીવતા મરશીયાં બોલાવી વિદાય કરે છે.

૧૦—દુદોજી આવી બાદશાહને સર્વ વાત જણાવે છે બાદશાહ ગુસ્સે થઈ ગજબ ફરખાંનને સેન લઇ લડાઇ કરવા મોકલે છે.

૧૧—ભટિયાણીની દીલગીરી કલોજી આવી દુદાજી વિશેની સર્વ વાત જણાવી કેશરીયા કરવાનો વિચાર જણાવે છે તેમજ ભટિયાણીને ભીલના બાખરાઓમાં જતાં રહેવા વિનવણી કરે છે ભટિયાણી લડાઇમાં સાથે આવવાનું કહે છે અને છેવટે બાખરાઓમાં લાચારીથી જવું પડે છે.

૧૨—સિપાઇઓ નિશા પાણી કરી માંહોમાંહે હુંસા તુંસી કરે છે તેવામાં કલોજી કેશરીયાં કરી એકદમ લડાઇ કરે છે બાદશાહ કલાજીની આવી બહાદુરી પોતાની નજરે જોઇ ખુશી થાય છે અને રજપુતોપર જે કર છે તે બંધ કરી કલાજી સાથે સલાહ કરે છે તેમજ વિજયસિંહ કલાજીને આવી મળે છે,

૧૩—ભટિયાણી ભીલનાં ઝુંપડામાં દીલગીરી કરે છે તેને ભીલડીઓ શાંન્ત કરે છે તેમજ કલોજી વિજયસિંહ આવી મળવાથી સર્વ પ્રભુની પ્રાર્થના કરે છે. અહીંઆં આ ખેલની સમાપ્તી થાયછે.

બાહાદુર કલાજીના નાટકનાં

ગાયનો.

શ્રી સત્યનારાયણ સત્ય છે.

સુત્રધાર—જગમાં (૨) ક્ષત્રીની રીતી સુણિ નાશ થાય ભય બીતી
વચને (૨) પળવામાં પૂરા સંકટ સમયે પણ શુરા
રક્ષા (૨) ગોબ્રાહ્મણ કરવા અબળાની વારે ચડવા
અરિ દળમાં (૨) તેગ ચલાવી મૂકે રણભૂમી ગજાવી
બ્હાદુર (૨) ક્ષત્રીની સહાયે ચડિ વિજય કરો જગરાયે.

ભટિયાણી ૨

યોગ્ય ઉમર થઇ મારી હાય હું હારી, મળ્યો ન પ્રાણપતિ,
નહિરે ધીર ધારી હે પ્રીય મારી જોને વિચારી. મળ્યો.
મદન કષ્ટ મુજને દિયે કામ ન સુજે રતી,
અતિ વ્યાકુળ મન મારૂં હવે કોણ મારી ગતી. યોગ્ય.
સમિર તુજને વિનવું વામા મંદ ગતી.

મતિ મારી મુઝાય છે વિના પ્રાણપતિ યોગ્ય.
પારવતી સતિ અગમ ગતિ વિનતી કરૂં અતી
રતિ સદા તુજ નામમાં પતિ દે વિમળ મતી. યોગ્ય.

કેશર— ૩

નહીં સોચ કરો મન માંહી જગદીશ્વર કરશે સૌ સારૂ.—ટેક
ધિરજનું ફળ અતી આપશે મખીલ પતી.
પતી પતી અરે પતી એમ મતી ધરો પ્રતી
અરે કહો શો બાઇ. નહીં૦
જમીને રમીને ગમીને દમીને,
શાન્તી ધરો શોક હરો મોહ ભરો ધ્યાન ધરો;
હરો ફરો કાલ્યે મળશે પતી સતી સાંભળો હરખાઇ—નહીં૦

૪

સુણજે સખી તને કહું છું હું વચન
વધી ગયો જુલમ જાણ્ય જાહીર યવન ટેક.
સબળ ક્ષત્રી કુળ સર્વ અબળ થૈ ગયું.
તરલ તેગ તેજ તરણી તુલ્ય તે ગયું
હાય હાય હાય હાય કાંઇ ન રહ્યું.
વર્યું ગયું થયું હૈયે હારી હાય હારી.
કષ્ટ ભારી બળે છે તનરે—સુણજે.

૫

ધીઃક ધીઃક તુજને કહેશું? મુજને તુજને કહું શું હત્યારી.

તું શું જાણે ડહાપણ આણે ક્ષત્રી મર્મની ખબર નથી.
પતિવૃત્ત મૂજ ભંગ કરાવા ઇચ્છા તારી છે મતિ મંદ.
ફંદ તણાતું ફંદ કરે તે હું તુજને કહું દુષ્ટ કથી.
કદાપી એ વચન હવેથી જો ભણી
નીકાલી દઇશ તુજને હું પાપણી ગણી.
હે દુષ્ટ ભામની ન આવ્ય આમની
નહીં તું કામની બોલ્ય વિચારી તું નારી—ધીઃક.

૬

વદું છું હું વચન વિચારી સુણો સોય માતું હે મારી
ભર્ત્ત ભૂપાલ બન્યા છે બિચારા મ્લેચ્છ થકી ગયા હારી
નવ રોજે નીજ નારી મુકે છે પરણી રાજ્ય કુમારી
તેથી હૈયે હુંજ હારી... ... ... વદું છું
ક્ષત્રીપણું નહીં સ્વપ્ને જાણે બેઠા ધર્મ વિસારી
કુર કુકર્મી કુવ્યસની થયા છે નથિરે દયા દિલ ધારી
લગન ન કરૂં માત મારી... ... ... વદું છું

૭

નવરોજે ન મુકે કોઇ રાજવારે
લગ્ન કરૂંરે (૨) હું તો તેહની સંગાથ મુજમાત નવ૦
ક્ષત્રી ભ્રષ્ટ થૈ ગયા છે નિજ ધર્મથીરે
નથી સુરારે (૨) છે અધુરા નથી પૂરા નવ૦
મ્લેચ્છ મંદનું અનંત માત જોર છેરે
માટે જોનેરે (૨) તું મનમાં વિચારી વાર વાર નવ૦

૮

કવિરાજ—જુગ જીવો વિજય સિંહરાજ.

દુ:ખ વામજો સુખ પામજો

જામજો ધરતી ભરતી વરતી   જુગ.

શેષ ધરા ધરપર ધરે વિધીના રચે જગત

જોધપુરના રાજવી ત્યાં સુધી તપો તખત   જુગ.

ચંદ્રાર્કની કાન્તી નભ નભમાં વળી નખત

જોધપુરના રાજવી ત્યાં સુધી તપો તખત   જુગ.

૯

કલોજી—બળ હીણુ થયા હાયે મુજ મુખથી ન કહેવાય.

સુણી દુર્બળતાની વાત થાય ઉતપાત

દેહનો ઘાત કેમ નવ થાયે—   બળ.

અતી મ્લેચ્છ મહા મતીમંદ કરે છે ફંદ

બણી સુખકંદ દૈવતુ ધાયે   બળ.

મહા ભ્રષ્ટ બની બેશર્મ ધરે નહી ધર્મ

કરે કુકર્મ પર્મ હલાયે.   બળ.

લે ક્ષત્રીયોની કન્યાય કરે અન્યાય

જહાં તહાં ધાય જુલમ કહેવાયે   બળ.

૧૦

તન બળે છે મારૂં આજ અહો આ શું ! થયું રે.

યવન અમલ અવનીમાં છતાં આણ્યો વિચાર ન વાક્ય વદતાં

મરવું પડશે જો રાજાનું વચન ગયું રે ... ... તન.

અહો ! આતે શું ! રાયે જાણ્યું ડહાપણુ દિલમાં કાંઇ ન આણ્યું
વચન વદી બેઠા છે તે જો વહી ગયું રે ... ... તન.
મતિ ગઇ મુઝાઇ અતી અરે ! હવે શી થાયે ગતી
વણુ વિચાર્યું કરવા મન વિહવળ થયું રે ... ... તન.

૧૧

ભટિયાણી—ઘણી ગભરાઉં છું મનમાં વિરહ વહનીથા વ્યાકુળ થઇ
નથી ગમતુ કંઇ મુજને સુદ્ધિ સઘળી શરીરની ગઇ
જોબન મારૂં જશે એળે નહીં થાશે શું મન ધાર્યું
ચપળ ચિત્ત માંહી ચેન ન કાંઇ... ... ... વિરહ.
સખી મુજને સતાવે મેન નથી સાધન કોઇ સુખ દેન
મતિ મારી મુઝાઇ ગઇ... ... ...વિરહ.

૧૨

કેશર—ધૈર્ય ધરો બાઇ મારી શોક દુર કરો
છો સુઘ્ર અતિ બાઇ મારી મન સુહતો ભરો ટેક.
કાલે થાંશે સુખ શાન્તી ચિંતા પરહરો
શ્રી હરી સમરો સુખેથી દુઃખના ધરો ધૈર્ય.

સાહેલીયો } સખી પાવસ પયોદની ઘટાઘણીરે
ભટિયાણી } માંહી ચંચળા ચમકે ભલી ભાત
આવ્યો શ્રાવણુ સાહેલીયો સોહામણોરે
શિત મંદને સુગંધ રમણિય અતિરે
વહે ત્રીવીધ પ્રકારનો સમીર... ... ... આવ્યો.

વાદળ વાદળ કામનું ગગના ગણુ મોઝાર
જાણે ચડયું જગ જીતવા સજી સહુ ઉપચાર
ચારે મેર ચંદ્ર વધુ ચમકે અતીરે
ચોટ ચાત્તકની સુબે ચિત્તમાંય આવ્યો.
વિકશા વિવીધ પ્રકારના સરોવર વિષે સરોજ
અવરેખત એરી અતી મનમાં વધે મનોજ
ગીરી હરીત દેખાય અતિ આ સમેરે
તે પર મધુરા બોલે છે જોને મોર આવ્યો.
સુંદર સર સરિતા વિષે નિરમળ ભરીયાં નીર
વિલોકતાં વાગે સખી તારૂણીયો ઉરતીર
સો સંયોગી નારીને અતિ સુખ છેરે
પીડા પામે અતિ વિયોગણી નાર આવ્યો.
શ્રાવણ મહીને શીવની પુજા ઉપર પ્રીત.
સૌને આ સંસારમાં સાંભળ સખી સચીત
પુષ્પ કપુર અબીલને ગુલાલ લઇરે
જઇયે " શંકર " વધાવવાને સદ્ય આવ્યો.

૧૩

ભટિયાણી—સખી જામીન આ કામ માંહી કલોજી જો થાય.
જેજેકાર વરતાય. જેજેકાર વરતાય.

કેશર—એથી રૂડું શું ! કહેવાય.

ભટિયાણી—પ્રતિજ્ઞા સફળ થાય.

કેશર—જગત સુયશ ગાય.

ભટિયાણી—મારૂ સહુ દુઃખ જાય

સખી સુણ્ય સખી સુણ્ય.

કેશર—ધરો બાઇ ધીર ધીર ધીર ... ... જામી.

વિજયસિંહ— ૧૪

ચંદ્રવદન હે તારૂણી તારૂ નીરખવા મન તલકે છે મારૂં
હે મમ પ્યારી ક્યારે મળીને મન તન ત્રમ કરીશ તુ મારૂ
પ્રાણુથી પ્યારી તુજ વિણુ મુજને કાંઇ નથી અહો લાગતું સારૂ
મહા દુઃખ પામુ હે પ્રીય મારી ધીરજ હું હવે કે પેર ધારૂ.

૧૫

અહો દૈવ સર્વ ગયુ દુઃખ મારૂં ધરૂં હું ધરૂં ધ્યાન તારૂં.
અકળ છે કળા દૈવના દેવ તારી નથી જાણુતા જે મહા તત્વધારી.

૧૬

પ્રીય બંન્ધુ જાઓ થાઓ જામીન આવાર
માનીશ આભાર સાર આપનો અપાર. ટેક.
સુ કુમાર હરિસિંહ રાજની કુમાર
લાવો લાવો લાવો જલદી કરો શાન્ત સાર
હો મહંત સર્વ ગુણવંત ચંત ધાર
તે થકી કહું આપને હું વાર વાર
જાઓ સ્નેહ સાગરા દિલમાંય દયા ધાર
વળી વહેલા આવજો કરીને શુભકાર

કલ્લાજી— ૧૭

રાય મારૂ માગું કર જોડીને જરૂર
ન જવાય ન થવાય જામીન હે સૂર
મ્લેચ્છ દુષ્ટનો વધી ગયો અતી ગરૂર
કરે દગા બાજ કાજ સાજ એ જરૂર
કરોને વિચાર સાર મનમાં હે સૂર
પ્રતિજ્ઞા મહાનનો વધી ગયો ગરૂર
જો નહીં પળાય તો કહેવાય મહા ક્રૂર
તે થકી મહારાજ રાજ વિચારો જરૂર,

વિજયસિંહ— ૧૮

તમે જાઓ (૨) નહીં કરશો વાર લગાર
હું કહું છું વારંવાર
વિચાર (૨) વિચારી કારણુ મુળનું જે રાઠોડના કુળનું,
બહુ વિનય કરૂં આ વાર નહીં કરશો વાર લગાર.
તે કાજ (૨) રાખી મુજ લાજ જાઓને આજ કરો શુભકાર.

કલ્લાજી— ૧૯

બાદશાહ આ વાત સાંભળી કરશે જુલમ જુલમ કારી
ચડિને-લડિને-હણિને-નડિને અચળ અમલ લેશે પાડી
માટે મુજને સોચ થાય છે જુલમ થશે બહુ ભયકારી
જનમાં-તનમાં-મનમાં-ધનમાં હાનિ થશે કહુંછું ધારી
નવરોજાની ના કહી છે પણ જોર મ્લેચ્છનું છે ભારી

હરતાં–ફરતાં–કરતાં–લડતાં–લાજ રાખજો ત્રીપુરારી.

ભટિયાણી— ૨૦

પ્રાણથી અધીક પ્યારા પતિની વતી હે સખી સુજાણ હજી ખબર નથી
માન્ય માન્ય માન્ય તું હું કહું મતથી હવે પ્રાણ પીંજરામાં રહેવાનો
નથી.
કરૂં આપઘાત દેહ તજું પંડથી નારિ અવતાર તને ધીઃક છે અતી
દર્પ હે કંદર્પ દુષ્ટ પર્મ ગર્વથી મુજને સખી સહન એ થતો નથી. પ્રાણ.

કેશર— ૨૧

સખીરે મન ધીર ધરો મારી હરશે દુઃખ દર્પ રાહુ મોરારી. સખી
મ્હારે મતિવંત તમે નારી રહો રે રહો સુજ્ઞપણું ધારી.
રહોરે બાઈ હર્ષ હૃદય ધારી વાંચ્છના મન પૂર્ણ થશે તારી.

ભટિયાણી— ૨૨

ધન્ય ધન્ય આજેરે દીન સુખાકારી દુઃખ દુર દુર દુર (૪)
થયું મારૂંરે ધન્ય આજેરે દીન સુખકારી.
મળુ પ્રેમથી પ્રાણને મળુ સર્વ ગુણ જાણને
રઢીઆરા રૂપ ખાણને શીરતાજ સુજાણને
જઈ નીરખુ છબી નીરખુ મન હરખુ
એ સરખુ સુખ નહીં કાંઈ જગતમાં બારી. ધન્ય.

વિજયસિંહ— ૨૩

મમ પ્યારીની શોધના નાં અચળ વિચળ અરે મુજ મન થા
અકળ ગતી અતિ કર્મ તણી છે અહો હરી હા ના.

રેન દીન ચેન નથીરે મેન થયો દુઃખદા. મમ૦
પ્રાણ પ્યારીના દર્શ વિનાતો પ્રાણ પંડથી જા. મમ૦
કલા તણી હજી ખબર નથીરે થયું હશે શું! ત્યાં. મમ૦

૨૪

આશા પુર્ણ કરી છે શાબાશ,
તેથી હું હુલાસ મેન ત્રાસ છુટયો ફાસ. ટેક.
છો મારા પ્યારા બન્ધુ વારંવારા હું વદું;
તારો હું આભારી ભારી મોતથી લીધો ઉગારી.
નારી નારી મારી વાણી આજ તમે પાર પાડી,
કુળ ઉજાસ કહું છું ખાસ લ્યો ઈનામ થઈ આવાસ.

કલોજી— ૨૫

વંસના હંસ નરેશ તમારે હું દાસ પણેછું સુરેશ,
આપ પ્રતાપ પ્રસરી રહ્યા છે દેશાન દેશ અશેષ;
સૂર તરૂવર આપ તણા કર અમે પક્ષી હે નરેશ,
અમ તણી ઢાલ કૃપાલ તમે છો મોજી વિજયસિંહ;
શુભ થયું છે કાજ જે આજે તવ પ્રતાપે ધનેશ. તમા.

વિજયસિંહ— ૨૬

જઈ નીરખું મૃગનેણી શશિ વદની સુખ દેણી (૨)
સુવર્ણ વર્ણી સંગ રચુ જઈને રંગ,
શુભ પ્રસંગ છે ઉચ્છરંગ જાઉં ધરી ઉરમાંય ઉમંગ;
ઝટ ... ... ઝટ ... ... ઝટ ... જઈ

ભટિયાણી— ૨૭

સ્વામીને વિલંબ કેમ થઈ સખીરે,
પ્રાણાધાર સુખાગાર દુઃખ નિવાર;
વિરહકાર શાન્ત થઇશ પેખીરે,
કામદે મને કષ્ટ હે સખીરે.
ભુવન વંન મલિન મન તરલ તન,
દુઃખદ દન છું અતિ દુઃખીરે.

કેશર— ૨૮

ધીરજ મન ધરો હે ચંદ્રાનનીરે અતિ સુજાણ મળશે પ્રાણ
મનમાં જાણ દુઃખન આણ મંદ મંદ ગવનીરે;
કષ્ટ ના ધરો મનમાં માનુનીરે,
જગદંબાય કરશે સહાય કષ્ટ જાય મોદ થાય હે મૃગાનેણીરે.

ભટિયાણી— ૨૯

રંગ રસિયા પધારો રંગ માણવા,
હવે સુખના દિવસ સૌ જાણવા;
પેખુ નહી પલ પ્રિતમ તમને તે પલ જુગસમ જાય,
અમર કરી પીયુ આ સમે હેતે ઝાલી હાથ.
લગની લાલ નયન તણી લાગી મારા નાથ,
રંગ રમવા દુઃખ દમવા સુખ કરવા ભય હરવા.

વિજયસિંહ— ૩૦

ન લગાર ચેન પ્રિયા તું વિયોગથી (૨)
હેછે ત્રાસ વિરહ ખાસ છું ઉદાસ.

પ્રાણુ પીયારી (મારી) પ્રાણુ પીયારી.
પ્રાણુ પ્રિયા તું છે પ્રાણુાધાર
રેન સર્સ લાગે વર્ષ નથિ હર્ષ
લીધો ઉગારી—ન લગાર

અંક ૨ બીજો.

વિજયસિંહ— ૩૧

મન ઉદધી માંયરે (૨) અહો હો દીન રેન
તરંગ તરલ આનંદ તણા જે નથી સમાતા વહિ વહિ જાયે
બેસતાં ઉઠતાં સોવતાં વાર વાર વહિ જાયે.
મળી મને શાન્ત કિધો છે પ્યારી હવે કામ સ્વપ્ને ન સતાવે
મનમાં તનમાં ક્ષણુમાં મહામોદ મન થાયે.

૩૨

આ શું ! અચાનક (૨) વ્હાલીથી વિયોગ વખ્ત આવ્યો.
શાહને લખેલો પત્ર આવીયો દિલ્લીથી અત્ર
પ્યારીને મળીને તુર્ત હશે શું ! થશે શું ? જાઉછું આજ હું.

૩૩

આવ્યોરે પ્યારી દિલ્હી થકી અસવાર
વાંચીને પાતીરે ચીરાય છે છાતીરે
તુજ વિયોગ થનાર ... ... આવ્યો.

યવન દુષ્ટ છે રે જોર અતિ પુષ્ટ છેરે
દૈવ હે શું ! કરનાર ... ... આવ્યો.
હે પ્રિય મારીરે મુજ ભય ભારીરે
પ્રાણ તજું આ વાર ... ... આવ્યો.

ભટિયાણી— ૩૪

મહા મતિ પતિ અહો મારિ શી ગતી
રતિ પતિના ઉતારીયે તમે કેમ
તજુ પ્રાણ હે સુજાણ ખબર હું અરે.

૩૫

વિજયસિંહ—પ્રીયા ધરિ પ્રેમ રજા દે મારી (૨) ત્વરીત આવી-
શ પ્યારી.

પત્ર પાદશાહે લખી તેડાવ્યો આવાર
માટે મુજ પ્યારી તમે હઠ ન કરો મનધાર
મુકો મુજ હસ્ત રહો ધિરધારી ... ત્વરીત.
આજ કાલ એનો ઘણો જગમાં જાણ્ય જુલમ
દુષ્ટ પુષ્ટ કાર્યો કરે અધિક અધર્મી અધમ
પ્યારી નહી જાતું હ્રદયમાં હારી... ... ... ત્વરીત.
તુજ મુખ ચંદ્ર વિના પ્રીયા નેત્ર જલજ સુકી જાય
હાય ઉપાય હું શું ! કરૂં તુજ વિયોગ નવ થાય
પ્યારી કહું તુજને પોકારી પોકારી... ... ... ત્વરીત.

૩૬

દુષ્ટ મલેચ્છ પાસ જાઉં છું હે રાણી તુજ આવવાથી થાય
મહા હાણી.

પ્યારી આવું બણો નહીં વાણી થાય વાત બીજી જાય
મુજ વાણી
માટે મુક્ય મુજને તું એવું જાણી અરે ! છે પ્રીયા સુજાણ
મહા શાણી.

૩૭

ભટિયાણી—દિન વિનતી ધ્યાન ધરજો
પ્રાણ નાથ કરી કૃપા દીલ્લી જઇ ફરી વેલેરા વળજો
પક્ષ તમો વિણ સુનો પિયુ મુજ વિતે વર્ષ સમો અહી
વિસરતા નહી આદિન દાસી ... ... પ્રાણ.
શુદ્ધ મને શીવ પાશ હું માગુ સંકટ હરો મુજ શ્યામનું
વિયોગ દુઃખથી મુક્ત કરો વિભુ ... ... પ્રાણ.

૩૮

વિજયસિંહ—કરો ઔરંગશાહ વિચાર હે ગુણતણા ભંડાર
છો પરમ પવિત્ર અપાર તે માટે કહું છું સાર
ઘટે નહી આ કુકર્મ ધરો ધરો કાંઇ શર્મ
વિચારોને આપ ધર્મ બણીને અપાર પર્મ
જુઓને કુરાન મર્મ ક્ષત્રિઓ થયા છે નર્મ
તેથી કરોછો આ કર્મ લીયો છો તેઓના ભર્મ
નવ જુલ્મ કરો તમે આજ છો સર્વ તણા શિરતાજ
ક્ષત્રિ પુત્રિ નવ રોજે જાય હાય હાય આ જુલ્મજ થાય.

૩૯

ખરેખર જુલ્મ કર્યો આવાર તેડાવિયો મને પ્રતિત દાખી.

લે મમ લાજ ફરો અભિલાખી કહું કરિ હું વિચાર
કોના અગાડી કષ્ટ ઉચરતું આ સમશેર થકી હા ! મરતું
કામ સુજે નહીં આગળ પુછે નહી તન ઝુઝે નહીં
એવુ કીજે નહીં મતિ પારા વાર પર્મ કૃપાળુ હે જગાના આધાર
યુદ્ધ કરૂ ધરિ ધીરજ મનમાં લેશ કલેશ કરૂ નહીં તનમાં
ધાર્યું હશે કિરતાર ... ... ખરે.

૪૦

મમ પ્યારી સુજાણી (૨) પ્યારી તુ વાણી
તન મન માંય ચીંત્યા ન કાંય તમે કરશો ન હાણી (૨)
દુઃખ સુખ સાથે છે સૌ માથે સત્ય કહુ છું વાણી (૨)
ઘર ઘર પ્યાટી તુજ સમ નારી નથી કયાગે મે જાણી (૨)

૪૧

દઇનેરે દગાબાજી દીધુ છે દુઃખ તેં પાજી
તેડાવ઼ાને થયો રાજી દીધું છે તેં દુઃખ પાજી
કર્યું છે તેંજ મન ધાર્યું અરે પાપી ન વિચાર્યું
નથી મરતો હવે લાજી ... ... દીધું.
નથી મનમાં તને વિચાર કરે છે દુષ્ટ તુ વ્યભિચાર
હાર્યો છે તુંજ ભવબાજી ... ... દીધું.

૪૨

કાલુખાં—પ્યારી તલફ રહા મન મેરા મુખડા કબ દેખુંગા તેરા.
શરાબ શાકી મુજકું પીલાદે આવ આવ
આવ ગલેસેં લગજા.

લાખ બારમેં જાન તુ જપેં ફિદા કરૂંગામેરા.
અહો હો મજો એ જો જો જો
અલ્હા હક તાલાયે આજે બ્હાર બ્હાર
બ્હાર કરિ હે કેસી
ઢુંઢ ઢુંઢ કે મરજાવે પર મિલેન પ્યારી એસી.
અહો હો મજોએ જો જો જો

૪૩

મેરા જેસા આદમ કોઉ હેન આન
મેરે મુખસેં કરૂ મેં કયા બયાન
મેરા ... ... અહાહા... ... ... આહાહા
ઉરસે નજર મિલાય કબે દેખુંગા જાય
કંજ કલિયન સિકાય તન એ સાત લસાય
અહાહા ... ... આહાહા

૪૪

ભટિયાણી—કેવું થયુ સ્વપ્ન અરે ! મન માંય
ચિંતા ચિત્ત માંહી થાય શુદ્ધિ બુદ્ધિ બધી જાય
હૈયાની હૈયા માય હામ હણાયે ... ... કેવું
હાય લાય થાય આ ઉરની મહીં
બનિ છું હાલ બેહાલ ફૂલ કર્મોના આધાર
વિધિ સતાવે આવાર ઉર અકળાયે ... ... કેવું
પ્રાણ પ્રાણ પ્રાણ પ્રાણ આશું ? થશે ગતી.

૪૫

કેદાર—મલિન ન કરસો ચંદ્ર વદન બાઈ
નિત્ય મગન રહેશો મન માંઇ
આળ પંપાળ સ્વપ્ન છે સાચું
મિથ્યા માનો સરવે એ કાચું
સ્વપ્ને નીચનું પાણી પાય સ્વપ્ને સરમાં સમુદ્ર સમાય
સ્વપ્ને સળિપર મેરૂ થાય કહો કેમ સાચું કેહેવાય

૪૬

ભટિયાંણી—ગુણવંત પ્યારી પત્ર (૨) લખુ સુખ સાજ હું તુંજને
તુજ વિણ પ્રાણાધાર કાંઇ નથી ગમતુ મુજને
પત્ર વાંચીને તૂર્ત (૨) આવજે અહીંયા પ્યારી
મ્લેચ્છ દુષ્ટ મતિમંદ મને દુઃખ દે છે ભારી.
નહીં આવેજો પ્રાણ (૨) પ્રાણ જાશે મમ પ્યારો
છે તુ ચતુર સુજાણ ઉપાય નથી કંઇ મારો
દુષ્ટ કરે છે પુષ્ટ (૨) જોર અહો હે મમ પ્યારી
તે માટે લખિ પત્ર મોકલ્યો તુજ ભણી નારી
અહીંયા આવ્યા બાદ નાથ સહુ સારૂં કરશે
હરશે સૌ સંતાપ સકલ સુખ સંપતિ ભરશે.

૪૭

આવ્યો પત્ર પ્રાણપતિનો આજ ટેક
દિલગીરી દરશાવી દિલ્લીયે મને બોલાવી

જાહુ ધૈર્યતા દ્રઢવી થશે જેમ હવે ભાવી,
પ્રભુજી રાખશે મારી લાજ ... ... આવ્યો.
અરે સખિ મારી ઝટ રથ લાવ્ય શણુગારિ
ધિરજ હૃદય ધારિ પુરણ પ્રિતિ પ્રસારી
નિરખે પ્રિતમ નારિ સહુ વિધિ સુખકારિ
થા થા થા જલદી તૈયાર
કરો કાં વિચાર કરચ મારૂં શુભ કાજ.

૪૮

સિપાઈઓ—અહો આજ મજાહે યાર અપને સબકું બેસુમાર
ભયા આજે અપને સબકા દિલકું બહોત કરાર
બટિયાની શી પ્યારી પાયે કાલુખાં સરકાર
મૌલાને ઉનકા બનાયા તકદિર કયા બિસિયાર
કયા પરવર દીગાર આજ બની હે બ્હાર
શરાબ એ સુમાર પાવેગે દિલદાર
કાલુખાં સરકાર પિનેકું તઇયાર
અહો વહાં જાને કું હુંશીયાર ... ... અહો.

બધાય— ૪૯

અપને સબે મિલકે કરેંગે યારો શરાબકા શોખ
જમાલીયેકું નહી મીલે
જમાલીયો ... ... કયુંરે લુચ્ચા નહી મીલે
૧ સિપાઇ ચલ અહિંયાંસે નહિ મિલે ના કહેતા હું નહિ મિલે

૨ સિપાઇ નાસ્તાખી નહિ મિલે નહિ મિલેરે નહિ મિલે

બધાય— ચલો જલદિસેં દેર કયારે અબ્બે કાલુખાં પાસ

અપના મતલબ હાંસીલ હુવા

વાહ! વાહ! કેસા હુવા પરવર દિગાર આ

લુંટેગે અબ મજા શરાબ કબાબકા

કાલુખાં— ૫૦

ઉઠાદે અબ ચેહેરેંસે યાર નકાબ

દિખાદે પ્યારી શકલ તેરી મહતાબ

આશક હું તુજ નામપેં નુર હુર પરિયાન

તુજ મુખડા મહતાબપેં જાન કરૂં કુરબાન

આવ બઝમ હમ તુમ કરે પીયેં ખૂબ શરાબ

દિલ કરૂં તેરે નજર લઝત બદલે કબાબ

૫૧

દુઃખ હર દિલજાનીરે મિલિઆન મેરિજાન

કરૂં કયા બયાન રૂખ અનવર સાની દુઃખ

પીઉં પ્યારી કરસેં પ્યાલા બુઝાઉ ઇશ્ક આતસકી જવાલા

મોજ મોજ મોજ કરૂં અહો નિશ મોજ

જગમેં હો લુત્ફ તબ મેરી જીંદગાની ... દુઃખ

ભટિયાણી— ૫૨

હરિહર તુંજને સમરૂં આજ કોને શરણે જાઉં તુજ ખોળે છે લાજ

અરે ધાય ધાય ધાય.

મ્લેચ્છ વાસ મુજને અરે લાગે ત્રાસ સમાજ

કર સહાય ત્રિભોવન પતી ગુણુ સુમતિના ઝહાજ
કઠણુ હૃદય મુજ કેમ ન ચીરાય આજ
શઠ છંદી મતિમંદની ઈચ્છા છે મહારાજ
કરવા પતિવ્રત ભંગ મારૂં ધાર્યું છે મનમાંજ
દુષ્ટ યવનોને મારી કરીને બુઝાવો મમ દાઝ

કેશર— ૫૩

રહો બાઈ ધીરજ ધારી મન વિચારી છો ગુણુ ભારી આપ આપ
છો ગુણાકર વેણુ સુધાકર તેથિ પર હરો તમે તાપ તાપ
ત્વરીત જાઉં લાવું કલાજી મિટાવશે સૌ દાપ દાપ
શું કરશે એ યવન અભાગી નડશે એના સહુ પાપ પાપ

કલોજી— ૫૪

ગજબ ગજબ ગજબ ગજબ કરે અધર્મ
નફ્ફટ નફ્ફટ નફ્ફટ નફ્ફટ કરે કુકર્મ
દશેં ધીઃકારવાર વાર તુજને બે શરમ
કરે હરામી કામ દુષ્ટના તુરે પરમ
ઓ હાય ! હવે શું ! કરવું ઝેર ખાઇ મરવું
ગમે ના ફરવું કયાં જઈ ઠરવું.
મનના ડરવું તનમાં અતિ બળવું
જુલમ જુલમ જુલમ લે ક્ષત્રીના ભરમ
અરે હાય શું કરૂં ગુલામ ન જાણે મર્મ
હાથે હણું યવનને નહીં થશે નરમ

૫૫

દાસી મારિ સોચ ન ધારી ભજી મોરારી

ધિરજ ધારી છે ગુણ ભારી પાપિ હણું પલમાંય
મ્લેચ્છ દુષ્ટને પમાડું દુઃખ ભારીરે
ચાલ ચાલ ચાલ આવું આવાર
કરૂં સંહાર જે વ્યભિચાર યવનધાર
મુજ અસિથી હસિ ખુસિથી પાર

૫૬

ઠાર ઠાર કરૂં ઠાર જઈ જલદિ પાપીને ઠાર
ઠાર ઠાર (૨) કંઇ સોચન કર્યે મનમાહી લગાર
મ્લેચ્છ વૃંદમાં વિધન વિલાસી
મુજ સમશેર રૂધીરની પ્યાસી
થઈ છે પૂર્ણ પ્રકાશી નાશ કરીશ સત્વર કરધાર. ઠાર

ભટિયાણી—

૫૭

લાગી તનમાં લાય અતિલાગી તનમાં લાય
મમ જીવ કાં ન જાય અતિ લાગી તનમાં લાય
મ્લેચ્છ વાસ માંય ભય ભિત મન મુંઝાય
નિરૂપાયથી શુ ! થાય અરેરે, હાય હાય
કર પડિને પાય વિનતિ વિશ્વરાય
અતિ પ્રેમદા પીડાય પ્રભુ કરો સહાય

૫૮

તમોપર જાઉંવારીરે તમોપર જાઉંવારીરે
સત્ય પાળિ નિજ પણ અહો મને મરતિ ઉગારી

જેમ નારી દ્રૌપદિની ટેક રાખી મુરારી   તમો

આપ સમોવડ આ જગમાં ભૂપાલ નથિ ભારી,
મહા મતિ ધિર વીર ક્ષત્રી ટેક સુધારી.   તમો.

જિંદગાની પર્યંત તમારી હું છું આભારી,
ઘણિ ખમા શુરવીર તમોને ક્રોડ દીવાળી.   તમો.

૫૯

કરૂણા કરજો કુંજ બીહારી (૨)
શ્રી પતિ હિતથી રિતથી પ્રિતથી ચિતથી,
કરૂં પ્રાર્થના તમારી   કરૂણા.

આફત સઘળી આજ અહીંથીરે
હરજો દળજો કરજો સહાય મારી   કરૂણા.

કાલીંગડા— ૬૦

હૂવા દિલકું કરાર મેરે દિલકુ કરાર
દિલકું કરાર અહો પરવર દિગાર
તખ્ત મિલા જાને તીન લોકકા
યારી કરનકું હૂવા તયાર.   હૂવા.

યેહી બુલંદ તકદિરકી નિશાની
પ્યારી મિલિ ઐસિ બીના તકરાર
અબતો વહાંમેં જાઊં જલદીસે
બહિયાનીકા કરૂં દેદાર.   હૂવા

સિપાઇઓ— ૬૧

કૈસા ભયા હૈખો જુલમ યારો અંગસેં પ્રગટી આગ
એસાઇ લડનાં ઉનકે સંગજ્યું લડદે ખેલે ફાગ
શાહકે સંગ કરે તકરાર તો ઉનકે બડે અભાગ

કલોજી— ૬૨

શાણા સામંતો સુજાણવાળો યવનો નો ધાણ
મારો મારો મારો રજપૂતિને સુધારો
કેઈ હીમત ન હારો શુરવીર સુખ ખાણુ
જાઓ જાઓ વેગથિ મારે મ્લેચ્છ તેગથી
લડો મુજ નેગથી વેગથિ હા વેગથી.
ધાવો ધાવે રણુધીર પાઓ પ્રેતોનો રૂધીર
ગાઓ મુખે બળવીર કરો પાપીને અધીર
કરો કેશરીયાં હાય દુટી પડો રણુમાય
મ્લેચ્છ જીવતા ન જાય કરો કરો ને સંહાર
નહીં લગાડ શો વાર કરી દીયો આરપાર
ધરો દિલ હામ ચહો ચહો જય ચહો
ક્ષત્રીવટ ગૃહો ગૃહો જગયશ લહો લહો
રણુ પંથ ગહો ગહો દહો પાપીને ખુસોથી સામંતો દહો.

સામતો— ૬૩

ધરો ધીર (૨) મહીપ શુભ પેર યવનોને કરશું ઠેર
નથી જોર (૨) રંકનું તેનું અમ સંગ લડે રહી એવું
અમો કહીયે (૨) સહુ શુભપેર યત્નો
જેમ ભીમ દૂષ્યાસન ભાઇ કરી કરીને કઠિણુ લડાઇ

મહા ઘોર યુદ્ધ વરતાઇ ધરી માન ધરી માન
રૂધીરનું પાન કર્યું ગુણવાન તેમ કરી પેર યવનો
અમો સત્ય પ્રતિજ્ઞા કરીયે યવનોના પ્રાણુજ હરીયે
નહિતો પાછા નહી ફરીયે ધરી ધર્મ ધરી ધર્મ
વિચારી મર્મ કરી રણ કર્મ પર્મ કરી ફેર ... ... યવનો

કલોજી— ૬૪

રંગ છે સામંતો શુરવીર રણધીર
મતિધીર મહાગુણના ગંભીર
સુમતિ સુધિર શાબાશ (૨) અહો રાખો મુજનીર
મારો મારો એને ઠાર વદું એવું વારંવાર
જાણે નહિ સાર સાર પાપ કરેછે અપાર
પાપી પાપ ફંદ અરે કરે છે એ દંદ
ઘણા નીચ એ અમંદ હવે બનશે તે મંદ
તોડો અભિમાન જોર એનું એનું શુ! શું! શુ!

છોકરાઓ— ૬૫

અમે સંગે આવીશું રે મ્લેચ્છ મારવા ધરી દિલ ધીર
છૈયે અમે શુરવીરના પુત્રો જો જો અમારી સુધીર
એ પાપીને પલમાં મારીશું! મારે છે આજ જેમ કીર
લેશો નહીં જો સંગે કદાપી મરશું થઇને અધીર

૬૬

કલોજી—પવિત્ર પ્યારા પુત્રો મારા ધન્ય તમારી ટેક
રણાંગણે ન અવાય તમોથી છો! લઘુ વયના છેક

છોકરાઓ—પુંજ્ય પિતાજી કે હરી બાલક ભલે નિપટ લઘુ હોય
ઝુંડવિ ઘુંડ વિશાળ ઘણા પણ ગાજી શકે નહિ કોય

કલોજી—આ વખતે તો પુત્ર બાથરા ઘેર જાઓ રણધીર

છોકરાઓ—જેયેં છી સૌ તાત તમારો હુકમ ચડાવી શીર.

સિપાઇઓ— ૬૭

ચલો ચલો તિક્ષણ તલવારસેં
હિંદુકુ મારીયેં મારસેં ચલે.
અહો સુનો મેરે યાર સબ રહેના તૈયાર
હે કીસિકી દરકાર કુચ્છ અપનેકુ યાર
પકડી મંગાવો દ્વારસેં ખેંચ ખેંચ

ભીલ— ૬૮

હાલે કેમ હળવો ઘાયલરે (૨)
બળવારે જાવું છે કલારાયનેરે રૂપસંગીયા
તુ એ હાલ હળવો ઘાયલરે (૨)
ઉતાવળો હાલ્યાથી હાંણી થાશેરે સરદારીયા
દારૂ પીહુ પ્રાઇને ઘાયલરે (૨)
લડવારે જાવું છે એલ્યા રડમાંરે રૂપસંગીઆ
માટે કહું માનજે ઘાયલ (૨)
કાંટાને મહેલેથી હેઠો બેહજે રે સરદારીયા
કાયર કેમ થાય છે ઘાયલ રે (૨)
કાયર તો થઇને કેણી કરમાંરે રૂપસંગીઆ

ફોજો પાતશાહની ઘાયલ રે [૧]
ઘેર્યું છે ઠાકાર કલાજીનું ગોદરૂંરે સરદારીયા
મારી પાતશાહને ઘાયલ રે [૨]
વેલારે વ્હાલા કલાજીને થઇશુંરે રૂપસંગીયા
માટે નહીં મરજો ઘાયલ રે [૨]
બાયડી ને છોકરાંને ઘેર મળજોરે સરદારોઆ
હુંતો શુરવીરછુ ઘાયલરે [૨]
પાપીરે પાતશાહને મારૂં પલમાંરે રૂપસંગીયા

કલોજી— ૬૯

શુરવીરો આજે કરી શમ પે (૨)
મારી પાપીયોને આજે મારૂં વાળ્યું વેર વેર વેર
મારી ઉરમાંય લાય લાગી અતિ હાય હાય
પાપીઓનું મુળ જાય ત્યારે મન શાન્ત થાય
અહા હા હા હા હા કરે પાપી કેવો ફેર— શુર.

સિપાઇઓ— ૭૦

હાંરે સુનો સુનો મુગલ સરદારો (૧)
દુરગ મટિકા બનાઇ તોડીયેં પીર હાલ
હારના મત હિંદુડેસે ઉનના કયા મગદુર
ખેરસલ્લા કરે અલ્લા યાદ રખીયો નામ ઉનકા
શાહ ખાતા ખાયગા તો સર્વકી સંભાલ

વિજયસિંહ— ૭૧

આ શી ઉપાધી શી ! વ્યાધી

કાયા બધી સુકાણી છે મારી લ્હાય મનમાં
થાય તનમાં કૃપાળુ હરી
અરજી સ્વીકારો ઉગારો
ચેન નહિ ચિત્તમાં અમારે લગારે
ઇશ અસારે ચડો વારે વિપત્તિ હરી

૭૨

અરે હાય શું કાયર થઇને બેઠો છું આ વાર
શૂરવીર રણધીર આગળ બેડીનો શો ભાર
પલમાં જાઉં મ્લેચ્છ નીચને કરી આવું હું ઠાર
વાર વાર કરિ પુકાર જાઉં છું હું ધીર ધરી
જઇ સંભળાવો સરકાર   અરે

કલોજી—   ૭૩

જુઓ જુઓ કરે છે અન્યાય
ધાઓ ધાઓ સરદાર મ્લેચ્છ જીવતા ન જાય
જાય જાય તો જુલમ હાય હાય તો જુલમ
ઝટક ઝટક ઝટકાવો મુસ્તક લટકાવો તો રણબંધી

૭૪

છે ધન્ય ધન્ય રણધીરો કઠીણ વખતમાં બની મુજ બેલી
યુદ્ધ કરો શુરવિરો મમ યુદ્ધ કરો શુરવીરો
કર્યું નિકંદન દુષ્ટ પુષ્ટનું તુષ્ટ કર્યો આત્મા મારો
રંગ રંગ છે રંગ તમોને રંગ રંગ રણધીરો.   મમ.

૭૫

આ વદો વદનથી આવુ હું ક્ષત્રી ન ક્ષત્રી નહિ થાઉં
આ લીધેલી નહીં તજું નહીં લજવું પીતુ માત
પયશ અગણીત નહીં કરૂં વિશ્વ વિષે વિખ્યાત
નિચને નમાય ભલે દેહ નાશ થાય—નવ

સિપાઇયો— ૭૬

શેર બનો શેર યારો પકડો સમશેર
જાલીમ મચાઓ જંગ રખો રણુ બીચ રંગ
હિમત હૈતાહે જોઇ આબરૂ રખેંગા વોઇ
સુનો યાર સુનો યાર કરો જોર કરો જોર

ભટિયાણી— ૭૭

ભ્રાત મુંજ સદા શત્રુ હણીને
વિજય પામજો મજો હજો હજો
થજો પ્રભુ સહાય કહું પડિ પાય
વિઘન હરો મુજ વાલમના કરૂણાળુ (૨)
ગિરધારી અસુરારી અજભવ ભયહારી
બલિહારી વારે ચડજો (૨) દિન દાસી જાણીને
કરૂણાળુ કરૂણાળુ ... ... ભ્રાત મુજ૦

૭૮

મમ હૃદય કેમ ન ચિરાય અરે (૨)
દુઃખદ વાત સાંભળી આવી (૨) મમ

મુજ માટે કરી અહો મમ બંધુ આપને કષ્ટજ થાય
હા આ વચનો સાંભળી મુખથી કેમ જીવ નહીં જાય
વિરા આપને રજા આપતાં જીભજ હાય કપાય

૭૯

કલોજી—હવે પુરિ લાવું લઉં એ પાપીના પ્રાણ
દુસ્મનના લોહીની ભારી તેગ રહી છે તરસી મારી
તુર્કની સૈન્યનો જધ વાળું હું ધાણ
મારૂં ઠાર કરી યુદ્ધ ઘોરઘમ સાણ ૯૯૦

૮૦

કલોજી—સુખેથી સુખેથી મન મહારાજ આપો શાબાશી શું. આજ
વિજયસિંહ—યવનોનો નાશ કર્યો સ્વબળથી પ્યારા
દુઃખથી બચાવી ક્ષત્રીયોની બાળા
રાખો ધિરવિર મારી લાજ લાજ ... ... સુખે.
કલોજી—એમા લેવ ન પ્રાક્રમ મારૂં તપ બળ મહિપતિ સર્વ તમારૂં
પ્રાણ પાપી જનના હરનાર સકળ અહીંમાં સુખ કરનાર
વિજયસિંહ—ધન્ય ધન્ય પ્યારા મારા ધર્મ ધોરી ધરનારા
ક્ષત્રી વટ રીતી તેં સુધારી આજ આજ સુખે.

૮૧

વિજયસિંહ }
કલોજી } જગદિશે કર્યો જયકાર જગદિશે કર્યો જયકાર
સંકટ કાપ્યું મહા સુખ આપ્યું અરિનો કરીને સહાર
આનંદ છે આજ અપાર આનંદ છે આજ અપાર

જેથે સ્વરાજમાં સુખ સમાજમાં આજે ધરિ ઉર પ્યાર

૮૨

ભરિયાણી—મુજ શીર દુઃખ નાખ્યું શુ ! ઉમીયાપતી
ઘટે ન કરવો કોપ દિનપર કઠિણ અતિ મુજ કર્મ ગતી
કરૂં અર્જ જોડી હાથ નાથને મિલાવો નાથ
જન્મ સુધારો કષ્ટ નિવારો અર્જ સ્વિકારો અવિનાશી
જંગલમાંય રહ્યું ન જાય હારિ હું હૈયામાં હાય—

૮૩

મમ જીવ ઘણો ગભરાયે
આ વિપત્તિ ન મુજથી વેઠાયે
ભીલડીયો—બાઈ કાંઈ દુઃખ નહી ધરો અહીં
સશી મુખી રહો સુખી અકળાયે શું ! થાયે
ભરિયાણી—પતિ વિયોગ સાયક સહિ તનમાં
દિવસ વિતાવું છું રહી વનમાં
ગતી તારી અતિ ન્યારી નશીબ નશીબ
ભીલડીઓ—તજો માત કલપાંત થાઓ શાન્ત ભલોભાત

૮૪

સર્વે પાત્રો—અવિનાશી તમારી અદ્દભુત રચના અવલોકી અમે આજ
વક્ર દ્રષ્ટિથી લગાર વિમુખ સર્વે જગત સાર
શ્રી......ધ......ર......અવરેખ્યા
કષ્ટ ધ્વાંત કૃપા કાંત કાપ્યું દુઃખ સહુ (ર) આપ્યું સુહું ખબ

સદૈવ શુભ સુખ આજ ... ... આવિ.
મોરારી (૨) હું વારી (૨) ઉગારી (વિકટ સંકટ
છનન છુમ... ... ... અવિનાશી તમારા

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલા પુસ્તકો આ વાંકાનેર સુબોધક નાટક વીનો મુકામ જ્યાં હશે ત્યાંથી તથા નીચેના એજંટો પાસેથી રે કીમતે વેચાતી મળશે.

				કીમત રૂ. આ
બહાદુર કચ્છ નાટકના ગાયનો...			... ...	૦—૨—
કુસુમ-કમળા...	,,	,,	... ...	૦—૨—
વસંત—માલિની	,,	,,	... ...	૦—૨—
ટેકીલી—સુંદરબા	,,	,,	... ...	૦—૨—
ચંપક—ચાતુરિકા.	,,	,,	... ...	૦—૧—
રતિ—રૌન	,,	,,	... ...	૦—૨—
હરિશ્ચંદ્ર	,,	,,	... .	૦—૨—૦

લોક પ્રિય થઈ વખણાયેલ "વસંત—માલિની" નામના અમારા ખેલનું ગધ પધાત્મક મોટું નાટક થોડા દિવસમાં છપાઈ બહાર પડશે.

લી. ગ્રંથ કર્તા.

ઉ. રા. રાવળ.

ખંભાત—જુગલભાઈ મગળરામ પંડ્યાને ત્યાંથી.

અમદાવાદ—મણીલાલ દોલતચંદ પટેલ બુકસેલર—રીચીરોડ.

વિલાયતથી મંગાવેલી સુંદર ૧૫૦ ચીત્રો સાથે.

થોડા દીવસમાં બહાર પડશે.

ઈન્ડીયન ટેલ્સ.

અથવા

હિન્દનો ચમત્કારી વાર્તા સંગ્રહ.

સંપુર્ણ ભાગ ૧૬ ૮૦૦ પૃષ્ટ કીમત અગાઉથી રૂ. ૪—૦—૦

પ્રસિદ્ધ કર્તા.

જે. એચ. ત્રીપાઠી.